RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ






એપ્રિલ-૨૦૧૮ અંક - ૪
વર્ષ ૫૫ સળંગઅંક ૪૫૧
માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી
Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org

# કાવ્ય

## હૃદય પરિવર્તન

સાગરમાં રહીને મગર સાથે,
દુશ્મની કરતા રહ્યાં.
એવી વિચિત્ર હરકતો કરી,
દિન-રાત અમે જલતા રહ્યાં.

મકસદ હમારો શું હતો?
અંત સુધી પીછાણી ન શક્યા.
ઈર્ષાની અગન થકી,
સૌની નજરમાંથી ઉતરતા રહ્યાં.

સુંદર સજાવેલ પથ પર
હરકદમ કંટક બિછાવતા રહ્યાં.
પુષ્પોથી મહેકતા ઉપવનમાં
ખુશ્બુને ફગાવતા રહ્યાં.

શાંત, સ્થિર જીવનમાં,
અસ્થિરતા લંબાવતા રહ્યાં.
સંકુચિત મનની અસરથી
દાઝ્યા પર ડામ દેતા રહ્યાં.

અચાનક મંઝિલમાં
સંતનો સહકાર સાંપડી ગયો
વેર, ઈર્ષ્યાની લાગણી દૂર થઇ
પ્રેમની લાગણી પ્રસરાવતા રહ્યાં..

હરીશભાઇ સી. પંચોલી-સુરત









તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**એપ્રિલ-૨૦૧૮**

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવૅર પોઇન્ટ પાછળ, ડૉ. બૅંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રી નોંધ.......



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

ટાયટલ જોયુ ? EARTH DAY આપણે બધા જ ડે મનાવીએ છીએ પણ આ ડે વિશેષ છે... પૃથ્વી બચાવો... આજના કન્સ્ટ્રકશનના જંગલમાં વૃક્ષો ઉગાડો અને પૃથ્વી બચાવો.. ખોરવાય ગયેલા એન્વાયરમેન્ટનું બેલેન્સ કરવું જરૂરી છે... કારણ પાણીની તંગી, ગરમીનો પ્રકોપ આપણે માર્ચથી જ અનુભવી રહ્યા છીએ. તો મે-જુનની પરિસ્થિતિ કેવી હશે..? વિચાર્યુ..? તો ચાલો આ માસથી પૃથ્વી બચાવીએ, પાણી બચાવીએ, વૃક્ષો બચાવીએ.. કારણ આપણે બચાવીશું તો આપણી આવનારી પેઢી માટે કંઇક તો રાખવું પડશે ને ? ? ?

જુન માસમાં પંચોલી નવયુગનો જીવનસાથી પસંદગી વિશેષાંક પ્રકાશિત કરનાર છે. તો આપના ઉમરલાયક પુત્ર-પુત્રીઓના ફોર્મ ફોટા સાથે જરૂરથી મોકલશો.. અને આપણાં સંતાનો ના ભવિષ્ય માટે સુંદર પસંદગી કરી શકીએ... પૂત્ર-પુત્રીઓ તો ના કહે પણ ઘરના વડિલોએ જરા સમજી વિચારીને આ ફોર્મ મોકલાવશો એવી આશા રાખું છું...

આપણાં સમાજના આ બે નાના છોકરાઓ હેમીશ અને કવીશ પણ ખરા છે... આટલી નાની ઉંમરમાં આટલી મોટી સિદ્ધિ.. હેમીશે મોબલાઇલ દ્વારા ઇલેક્ટ્રીક ઉપકરણોબેઠા બેઠા ઓપરેટ કરી શકાય... જાણે બધાનું રીમોટકંટ્રોલ ઓલ ઇન વન જેવું...

કવીશે 'વર્લ્ડ મેક કેમ્પો ગેમ્સ દ્વારા લીમકા બુક ઓફ રેકોર્ડ-૨૦૧૮માં સ્થાન મેળવ્યું છે.... બન્ને ને ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ કે એમની પ્રગતિને આભ પણ ઓછું પડે... અસ્તુ

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય દિનેશભાઇ મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ......

હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

માર્ચ મહિનો એટલે ગરમીની શરૂઆત, અને ફાયનાન્સીયલ એકાઉન્ટનું સમાપન, આઇ.ટી. રીર્ટનની મોસમ અને કંઇક કેટલું બધું. અપેક્ષા છે કે વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રીઝલ્ટની રાહ જોતા હશે, સૌ સારા માર્કસ સાથે પાસ થાય અને મનવાંછીત લાઇનમાં એડમીશન મળે એવી શુભેચ્છાઓ...

મહામંડળ માટે થોડો સમય એકઝામ જેવો જ રહેશે. તમામ સંલગ્ન સંસ્થાના હોદ્દેદારોને એપ્રિલના અંત પહેલા તમામ હિસાબો તૈયાર કરી ટી.ડી.એસ. સર્ટી સહિત ખજાનચીશ્રી તરફથી મોકલવા આગ્રહ છે. જેથી આપણે સમયસર રીટર્ન ભરી શકીએ.

સમાજ સુરક્ષાના સભ્ય બનાવવામાં સરવાળે ફાયદો જ છે. તો પ્રમુખ શ્રી નવિનભાઇ સી. પંચોલી, મંત્રીશ્રી રાજેશભાઇ ગાંધી અને સહમંત્રીશ્રી કિશોરભાઇ એન. મિસ્ત્રીને સહકાર આપી તમારા પછી કુટુંબને મદદ મળે એ માટે સમાજ સુરક્ષાના સભ્ય બનવા અને બનાવવા આગ્રહભરી અપીલ છે. સાથે સાથે શુભ સમાચારમાં સમાજ સુરક્ષા યોજનાનું એ.ઓ.પી. તરીકે નોંધણી થઇ ગઇ છે અને અલગ પાન-કાર્ડ મેળવવાની કાર્યવાહી ચાલુ છે..

આપણે વેબ સાઇટ બનાવી ત્યારથી જ તેને સેલ્ફ સસ્ટેઇન બનાવવાની ઇચ્છા રાખી હતી અને તેમાં આપણે મહદઅંશે સફળ પણ થયા છીએ, હાલમાં યુવા હોદ્દેદારો પ્રતિકભાઇ પંચોલી અને દિપેશભાઇ મિસ્ત્રીના સહકારથી આપણે દર મહિને મલ્ટી કલરમાં પંચોલી નવયુગ વાંચવા મળે છે. અને તે પણ વિના મૂલ્યે. શું તમે વેબ સાઇટ પર કયુ વેબના પ્રશ્નોના જવાબ આપ્યા છે.? દર મહિને કયુ વેબના મેમ્બર માટે એડમીન મઝાના પ્રશ્નો લાવે છે અને પાછા વિજેતાઓને ઇનામો તો ખરા જ ! વધુમાં વધુ સભ્યોને કયુવેબમાં ભાગ લેવા આમંત્રણ છે. આવા સ-રસ કાર્ય કરનાર વેબ સાઇટને આપણે વર્ષે રૂા. ૧૦૦ જેટલી નાનકડી રકમ ન મોકલી શકીએ ? આપણી નાનકડી ભેટ હોદ્દેદારોને વધુ કાંઇક સારુ કરવાની છુટ આપશે. અત્રે ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી અને એલ.સી. સોશ્યલ ગ્રુપને અભિનંદન કે જેઓ તરફથી વેબ સાઇટને નિયમિત જાહેરાત મળેલ છે.

સમાજના વિધવા / નિરાધાર /આર્થિક સહાયના ફોર્મ ફેબ્રુઆરીમાં છાપ્યા છે. જેને સહાયની જરૂરીઆત હોય તેઓએ ફોર્મ ભરીને મોકલ્યા જ હશે.. મળેલ ફોર્મના આધારે જરૂરીઆતમંદોને મદદ કરવાનું નકકી કરેલ છે..

સુરત એકમ ડિસેમ્બર-૨૦૧૮માં મહામંડળ સાથે મળી ક્રિકેટ મહોત્સવના આયોજનમાં આગળ વધી રહ્યું છે. સૌ સાથે મળી ક્રિકેટ મહોત્સવને માણીશું.. સી.ટી.સ્મારક નિધિ પણ સમાજના વિદ્યાર્થીઓ માટે પ્રોગ્રામ કરવા જઇ રહ્યા છે અભિનંદન.. પંચોલી નવયુગ જુન-૨૦૧૮માં જીવનસાથી પસંદગી વિશેષાંક પ્રકાશિત કરનાર હોય આ અંકમાં આપેલ ફોર્મ વિગતવાર ભરી મોકલવા વિનંતી.. સાથે સાથે અન્ય એકમોને /સંલગ્ન સંસ્થાઓને પણ પોતાના કાર્યક્રમ લઇ આગળ આવવા આમંત્રણ છે...

અંતમાં એક ખૂબ જ સુંદર વાત...

જયાં રહો ત્યાં ખુશ રહો અથવા

ત્યાં રહો જયાં ખુશ રહો..

અસ્તુ......



# મહામંત્રી નોંધ......

નીશીકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



મુ. વડીલો,જ્ઞાતિજનો,યુવાન મિત્રો અને વ્હાલા બાળકો,

આ અંક આપના હાથમાં આવશે ત્યારે બાળકો એમની પરીક્ષા માંથી પરવારી ગયા હશો,જ્ઞાતિજનો અને યુવાન મિત્રો માર્ચ એન્ડિંગથી હાશકારો અનુભવતા અને વેકેશન માં ફરવા જવાનો કાર્યક્રમ બનાવી રહ્યા હશો.

તત્કાલીન પ્રમુખશ્રી મનીષભાઇ પંચોલીએ સ્વણિમ ફંડની શુભ શરૂઆત કરી હતી અને જ્ઞાતિજનો તરફથી પણ પ્રતિસાદ સારો મળતો રહ્યો છે. 2018-19 માં તેના પાંચ વર્ષ પુરા થાય છે.યથાશક્તિ જ્ઞાતિજનોએ ફાળો લખાવ્યો છે અને તે મુજબ તેઓ આપે પણ છે. જેમણે ફાળો લખાવ્યો છે તે સર્વ ને વિનંતી કરવાની કે તમે મુકરર કરેલ રકમ વર્ષ 2018-19, ડિસેમ્બર-2018 સુધીમાં સત્વરે પુરેપુરી જમા કરાવી દેશો જેથી જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને પૂરતા પ્રમાણમાં મદદ કરી શકાય. આપણા પ્રમુખશ્રી વારંવાર ટહેલ વાસ્તવિકતાની વાત જણાવે છે કે આવનારા વર્ષમાં વ્યાજની આવક ઘટતી જશે અને જરૂરિયાત વધતી જાય છે.

પ્રમુખશ્રી ની મેહનત થી સમાજ સુરક્ષાનું નવું બંધારણ બની ગયું અને AOP કરવામાં સફળ રહ્યા છે.આપ સર્વનો આભાર.

સ્વ.સી.ટી.મિસ્ત્રી સ્મારકનિધિ દ્વારા, 'કેરિયર ગાઇડન્સનો પ્રોગ્રામ, તારીખ 29-04-2018, રવિવારના રોજ સુરત મુકામે ડૉ. રેખાબેન મિસ્ત્રીના સહયોગ અને પ્રાયોજિતથી યોજેલ છે. ધોરણ 9 થી 12 માં ભણતા વિદ્યાર્થીઓ તથા વાલી મિત્રો પ્રોગ્રામનો લાભ લઇ વિદ્યાર્થીઓ તમારી ઉજ્જવળ કારકિર્દી બનાવશો.

તદઉપરાંત સ્વ.સી.ટી.મિસ્ત્રી સ્મારકનિધિ દ્વારા વેકેશન સ્પર્ધા રાખવામાં આવી છે તેમાં પણ દરેક અવશ્ય લાભ લઈ તમારી અંદરની કળાને બહાર લાવવાનો પ્રયાસ અવશ્ય કરશો.આજે તમે મલ્ટી ડિસિપ્લિન થી જ આગળ વધી શકો.

23મી ડિસેમ્બર 2018 ક્રિકેટ મહાકુંભનું શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ દ્વારા- દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડ નક્કી કરવામાં આવ્યું છે કારોબારી મિટિંગ માં નક્કી કર્યા મુજબ મુંબઇ, નવસારી,વ્યારા,

રાજપીપલા,વડોદરા,અંકલેશ્વર + બીલીમોરા, સુરત, તથા મહામંડળ ની ટીમ રમશે.વધુ ડિટેઇલ પ્રોગ્રામ માટે શ્રી ઉમેશભાઇ પંચોલીનો સંપર્ક કરવો. M-98251 90047.

વિધવા ,નિરાધાર આર્થિક સહાય ના નવા વર્ષના અરજી પત્ર ફેબ્રુઆરી -૨૦૧૮ ના નવયુગમાં છાપવામાં આવ્યા છે. આ નવા અરજી પત્ર માં જ જરૂરિયાતમંદ જ્ઞાતિજનો ૧, જૂન ૨૦૧૮ પહેલા કરશો. દરેક એકમના હોદ્દેદારેને વિનંતી કરવાની કે તમને યોગ્ય લાગે તેવા જ જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે ભલામણ કરશો, એકમના બધા ફોર્મ સાથે મોકલો તો પણ ચાલશે અને નવા ફોર્મ માં જ સહી કરી આપશો જેથી તેમની અરજી નામંજૂર ન થાય.

મહામંડળ નું બેંક ઓફ બરોડાનું ખાતું સુરત ટ્રાન્સફર કરેલ હોય **IFSC : BARB0CITYLT MICR CODE : 395012051, A / C No.2690100010065** -ખાતાનું નામ :- ‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ‘ જેની નોંધ લેશો.

વ્યારાના ધોરણ -8 માં ભણતા હેમિશ પંચોલીને નાની ઉંમરમાં સિદ્ધિ મેળવતા ખુબ ખુબ અભિનંદન વધુ પ્રગતિ કરો તેવી શુભેછા.

મહામંડળને તથા તેની સંલગ્ન સંસ્થાઓને અવિરત દાન આપ્યું છે તેવા દરેક દાતાશ્રીઓનો મહામંડળના હોદેદારો કૃતધ્નતાથી આભાર માને છે અને નવા વર્ષમાં પણ આપનો સહકાર મળતો રહે અને નવા દાતાશ્રીઓ પણ દાનનો ધોધ વહેવડાવે તેવી અર્ચના.

ॐ सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।

सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्दुःखभाग्भवेत् ।

-અસ્તુ

# Pancholi Shaadi



## Nisarg Pancholi

**Personal Detail**

D.O.B. : 03/04/1991
Height : 5'5"
Weight : 55
Hobbies : Painting, Listening Music, Reading books
Native Place : Jabugam (ChhotaUdepur)
Time of Birth : 7.39 a.m.
Place of Birth : Devgadh Bariya (Panchmahal)

Family Details

Father : Bharatkumar Pancholi (Service)
Mother : Parulben Pancholi
Sister : Dharti Pancholi-B.E. Electrical. -Service)

**Education Qualification : B.E.Mechanical**

**Job : Schaeffler India Ltd.-Vadodara**

**Contatct Detaillls**

Address : H-249, Paragraj Society, Harni Warasia Ring Road, Nr. Prahtna flats, Vadodara - 390 006.
Contact No. : Bharatkumar-96627 08993
Nisarg-80003 38969
Emai Add. : pancholi.nisarg@yahoo.in



## Dharti Pancholi

**Personal Detail**

D.O.B. : 22/12/1995
Height : 5'2"
Weight : 45
Hobbies : Playing Gitar, Listening Music, Reading books
Native Place : Jabugam (ChhotaUdepur)
Time of Birth : 11.45 p.m.
Place of Birth : Vadodra

Family Details

Father : Bharatkumar Pancholi (Service)
Mother : Parulben Pancholi
Brother : Nisarg Pancholi-B.E. Mechanical -Service)

**Education Qualification : B.E.Electrical**

**Job : Anil Electricals-Vadodara**

**Contatct Detaillls**

Address : H-249, Paragraj Society, Harni Warasia Ring Road, Nr. Prahtna flats, Vadodara - 390 006.
Contact No. : 96627 08993
Emai Add. : pancholidharti@yahoo.com

## પ્રથમ જન્મ દિવસના

# અભિનંદન



## ચિ. રિષભ નિરવકુમાર પંચોલી

**અભિનંદન.... અભિનંદન... જન્મદિવસના અભિનંદન**

**તા. ૧૩-૦૪-૨૦૧૭**

## શુભેચ્છક



જયેશભાઇ(શૈલેષ) ઓચ્છવલાલ પંચોલી-દાદા
નિરવ જયેશભાઇ પંચોલી-પપ્પા
હાર્દિક જયેશભાઇ પંચોલી-કાકા

સંગીતાબેન જયેશભાઇ પંચોલી-દાદી
દિપીકા નિરવ પંચોલી-મમ્મી
હિનલ હાર્દિક પંચોલી-કાકી

શ્રી ગાયત્રી દુગ્ધાલય, લાયબ્રેરી સામે, લાયબ્રેરી રોડ, છોટાઉદેપુર. મો. 9427404376.

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત**

સ્થાપના વર્ષ-૧૯૬૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

**સ્વ. સી. ટી. મિસ્ત્રી સ્મારક નિધિ**

# કેરીયર ગાઇડન્સ પ્રોગ્રામ

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

ધોરણ ૯ થી ૧૨ સુધી ભણતા દરેક વિદ્યાર્થી મિત્રો, તથા તેમનાં વાલિ માટે

**કેરીયર ગાઇડન્સ પ્રોગ્રામ**

- કેરીયર એટલે શું ?
- ધોરણ ૧૦ અને ૧૨ ફેમીલી પ્રોજેક્ટ -
- કેરીયર ડીઝાઇન કેવી રીતે કરશો ?
- સફળ કારકિર્દી નાં પરીબળો-

**એજ્યુકેશનીસ્ટ એન્ડ કાઉન્સેલર : ડૉ. રેખા મિસ્ત્રી** કેરીયર ગાઇડન્સ પ્રોગ્રામનું સંચાલન કરશે.

**તારીખઃ-** ૨૯-૦૪-૨૦૧૮, રવિવાર **સમય :-** સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦

**સ્થળ :-** નર્મદ લાયબ્રેરી ઘોડદોડ રોડ - સુરત

પ્રોગ્રામ વિના મુલ્યે રાખેલ છે, પણ સમયસર **તારીખ ૨૧-૦૪-૨૦૧૮** સુધીમા તમારું નામ તથા કોન્ટેકટ નંબર સ્વ. સી.ટી. મિસ્ત્રી સ્મારક નિધિ નાં અધ્યક્ષ અથવા મંત્રીને રજીસ્ટર કરાવવું જરૂરી છે.

અધ્યક્ષ :-
**શ્રી ધવલકુમાર જે.પંચોલી.**
**મોઃ-** ૯૮૨૪૭૦૧૨૩૭.

મંત્રી :-
**શ્રી દક્ષય ગજ્જર**
**મોઃ-** ૯૮૨૪૧૩૭૮૭૮.

**-:નિમંત્રક:-**

| | |
|---|---|
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રમુખ :- | શ્રી હેમંતભાઇ મિસ્ત્રી. |
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તત્કાલીન પ્રમુખ :- | શ્રી મનીષભાઇ પંચોલી |
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ઉપપ્રમુખ :- | શ્રી મુકેશભાઇ પંચોલી |
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ મંત્રી :- | શ્રી નીશીકાંત મિસ્ત્રી |
| શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સહમંત્રી :- | શ્રી દેવાંગભાઇ પંચોલી |
| સ્વ.સી.ટી. મિસ્ત્રી.સ્મારક નિધિ નાં અધ્યક્ષ :- | શ્રી ધવલકુમાર પંચોલી |
| સ્વ.સી.ટી. મિસ્ત્રી.સ્મારક નિધિ ના મંત્રી :- | શ્રી દક્ષય ગજ્જર |


સ્વ. રમેશચંદ્ર વિઠ્ઠલભાઈ પંચોલી અમદાવાદ શ્રી રમેશભાઈ વલ્લભભાઈ મપારા અમદાવાદ

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ

# સ્વ. સી. ટી. સ્મારક નિધિ
## આયોજીત
# વેકેશન સ્પર્ધા

તમસો માં જ્યોતિર્ગમય

પરીક્ષાઓ પુરી થતાં બાળકોને વેકેશનનો લાભ મળશે સાથે સાથે માતા-પિતા પણ વેકેશનનો લાભ માણી શકશે એ આશયથી સ્વ. સી. ટી. સ્મારક નિધિ સૌના માટે વિવિધ સ્પર્ધા લઈને આવ્યું છે. સૌ મોટી સંખ્યામાં ભાગ લેશો એવી આશા રાખું છું.

## સ્પર્ધાઓ

**૧ કાવ્ય - ગઝલ - બાળગીત**
**૨ ટુંકી વાર્તા**
**૩ જોકસ (૫ થી ૧૦ જે સાંભળ્યા ના હોય એવા)**
**૪ મનપસંદ ચિત્ર (કોઈપણ વિષયમાં ) કલર સાથે**
**૫ નિબંધ સ્પર્ધા (૧) આજના યુવાનો અને સમાજ**
**(૨) મોબાઈલ ની માયાજાળ**
**(૩) બેટી બચાવો**

ઉપરોક્ત પાંચ સ્પર્ધામાં બે વિભાગ રાખવામાં આવ્યા છે.
**(A)** ૧૫ વર્ષથી નીચેના **(B)** ૧૬ વર્ષથી ઉપરના કોઈપણ સ્પર્ધકો ભાગ લઈ શકશે.
દરેક વિભાગમાં ઈનામ : પ્રથમ : રૂા. ૩૦૧/-, દ્વિતીય રૂા. ૨૦૧/- અને તૃતિય રૂા. ૧૦૧/-
**આપની એન્ટ્રી તા. ૩૧-૦૫-૨૦૧૮ સુધીમાં નીચેના સરનામે મોકલવી**
ભાગ લેનાર તમામને આશ્વાસન ઈનામ આપવામાં આવશે

સી. ટી. મિસ્ત્રી સ્મારકનિધિ-અધ્યક્ષ
**શ્રી ધવલકુમાર જયંતિલાલ પંચોલી**
૩૦૩, યોગીપાર્ક, બિલ્ડીંગ-૮, સ્વામિનારાયણ મંદિર પાસે,
અડાજણ, સુરત ૩૮૫ ૦૦૯
મો. ૯૮૨૪૭ ૦૧૨૩૭

સી. ટી. મિસ્ત્રી સ્મારકનિધિ-મંત્રી
**શ્રી દક્ષય પી. ગજ્જર**
૧૫, ભવન્સ રેસીડન્સી, SMC આર્ટ સેન્ટરની બાજુમાં
IOC પેટ્રોલ પંપ સામે એલ.પી.સવાની રોડ,
**અડાજણ, સુરત** 395009 M:-9824137878

# સ્વ. સી. ટી. સ્મારક નિધિ
# શૈક્ષણિક સહાય-૨૦૧૬-૧૭

વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન શૈક્ષણિક તેમજ ઉચ્ચ શૈક્ષણિક સહાય માટે કુલ ૪૪ અરજીઓ - જેમાં સ્વ. સી.ટી.સ્મારકનિધિમાં ધો. ૯ થી ૧૨ના કુલ ૧૮ વિદ્યાર્થીઓની અરજીઓ તથા મહામંડળની ઉચ્ચ શૈક્ષણિક સહાય માટે કુલ ૨૬ વિદ્યાર્થીઓની અરજીનો આવી હતી. દરેક વિદ્યાર્થીઓને નકકી કર્યા મુજબની રોકડ રકમ બેંક ખાતામાં જમા કરેલ છે.
આમ કુલ ૧,૨૭,૧૦૦/- વિતરણ કરવામાં આવ્યા છે..

ધવલકુમાર જે. પંચોલી-પ્રમુખ    દક્ષયકુમાર પી. પંચોલી-મંત્રી
સ્વ. સી.ટી.સ્મારક નિધિ

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
# સને ૨૦૧૮-૧૯

**આ યોજનાનો હેતું :-** સદર યોજનાના સભ્યના અણધાર્યા અવસાન સમયે કુટુંબને જે આર્થિક આપત્તિ આવી પડે છે તેમાં સહાયરૂપ થવું.

**સભ્યપદ :-** ❖ સદર યોજનામાં સભ્ય બન્યા પછી૪૦ વર્ષ સુધી વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ત્યારબાદ મૃત્યુ સુધી સભ્યપદ ચાલુ રહેશે. મૃત્યુબાદ જ વારસદારને રકમ ચુકવવામાં આવશે. ❖ પંચોલી જ્ઞાતિ સમાજના ૫ થી ૫૦ વર્ષની ઉંમરના કોઈપણ સ્ત્રી કે પુરૂષ સદર યોજનાના સભ્ય થઇ શકશે નહીં. ❖ ઉંમરના પુરાવા માટે જન્મ તારીખનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

**વાર્ષિક ફાળો :-** ❖ દર વર્ષે એપ્રિલ માસમાં પંચોલી નવયુગના અંકમાં આગલા વર્ષના મૃત્યુ પ્રમાણે ભરવાની રકમ જાહેર કરવામાં આવશે. કોઈપણ ૧ થી ૪ વ્યકિતના મરણ થાય તો ઓછામાં ઓછા રૂા. ૧૦૦ વાર્ષિક ફાળો ભરવાનો રહેશે. ❖ મૃત્યુ દર પાંચ કે તેની ઉપર થતા મૃત્યુ દીઠ રૂા. ૨૫ પ્રમાણે વાર્ષિક ફાળો આપવાનો રહેશે. દા.ત. : ૭ મરણ થાય તો ૭ × ૨૫ = ૧૭૫ આપવાના થાય. મૃત્યુદીઠ રૂા. ૨૫ માંથી રૂા. ૨૦/- સભ્યની સહાયમાં વપરાશે તથા રૂા. ૫/- સ્થાયીફંડમાં જમા થશે.

**આ વર્ષે વાર્ષિક ફાળો સભ્ય દીઠ રૂા. ૨૫૦/- ભરવાના રહેશે જેની નોંધ લેવી.**

**❖ વાર્ષિક ફાળાની રકમ દર વર્ષે ૩૧ મે સુધીમાં જમા કરાવવાની રહેશે. જુન માસમાં રૂા. ૧૦/- લેઈટ ફી તથા જુલાઈ માસમાં રૂા. ૨૦/- લેઈટ ફી વધારાના આપવાના રહેશે. પૂર્ણ થતા નાણાંકિય વર્ષ સુધીમાં વાર્ષિક ફાળો ન જમા કરાવનારનું સભ્યપદ રદ કરવામાં આવશે.**

❖ સભ્યના અવસાન સમયે સભ્યોની સંખ્યાના ગુણાંકમાં રૂા. ૨૦/-પ્રમાણે સહાય આપવામાં આવશે. દા.ત. ૧,૫૦૦ સભ્યો હોય તો ૩૦,૦૦૦ સહાય મળશે. ❖ અકસ્માતથી મરણ થતા સમાજ સુરક્ષા યોજનાની સહાય ઉપરાંત અકસ્માત વિમાની રકમનો લાભ પણ મળશે.

**❖ હૃદયના વાલ્વની બિમારી, કિડનીની બિમારી, કેન્સર, બાયપાસ કરેલ દર્દી, એઈડ્સ્ કે અન્ય ગંભીર બિમારીથી પીડાતી વ્યકિત આ યોજનામાં જોડાઈ શકશે નહી. નવા જોડાનાર સભ્યએ અરજીપત્રકમાં છેલ્લા ૨ વર્ષથી કોઈ ગંભીર બિમારીમાં પડયા નથી તેની જાહેરાત કરવાની રહેશે. ખોટી માહિતી આપનારને યોજનાનો લાભ મળશે નહી.**

આથી સમાજ સુરક્ષા યોજના ના સર્વે સભ્યોને જણાવવાનું કે, **સને ૨૦૧૮-૧૯ ના વર્ષની વાર્ષિક ફાળાની રકમ રૂા-૨૫૦.૦૦(સભ્ય દીઠ) તા.૧.૪.૨૦૧૮ થી તા.૩૧.૫.૨૦૧૮ દરમ્યાન સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષ શ્રી નવિનભાઈ સી. પંચોલી ને નીચે જણાવેલ સરનામા પર ફકત રોકડા અથવા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C સમાજ સુરક્ષા યોજના' ના નામ નો ફકત રાષ્ટ્રીયકૃત બેંકના ડિમાન્ડ ડ્રાફ્ટ થી મોકલવા વિનંતી છે. સભ્યશ્રીઓ એ પોતાનો સભ્ય નંબર અવશ્ય જણાવવો. કુટુંબદીઠ એક જ રસીદ બનાવવામાં આવતી હોવાથી ફાળાની રકમ કુટુંબદીઠ મોકલવા વિનંતી છે.** સાથે સમાજના આ યોજનામાં જોડાવવા માટે બાકી રહેલ જ્ઞાતિજનો ને વિનંતી કરવામાં આવે છે કે, આ સાથે ફોર્મ સામેલ છે તો તમો પણ આ યોજનામાં જોડાય સમાજ સેવાના આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા વિનંતી કરવામાં આવે છે. દરેક એકમના પ્રમુખશ્રીઓ તથા મંત્રીશ્રીઓને પણ વિનંતી કરવામાં આવે છે કે આપના એકમના જે જ્ઞાતિજનો આ યોજનામાં જોડાવાના બાકી છે તેવા જ્ઞાતિજનો ને આ યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

તા.ક. : સને ૨૦૧૮-૧૯થી મૃત્યુ પામનારના વારસદારને રૂા. ૩૦,૦૦૦/-ની સહાય ચુકવવામાં આવશે.(તા. ૧.૦૪.૨૦૧૮ પછી)

**નવિનભાઈ સી. પંચોલી-અધ્યક્ષ**
**રાજેશભાઈ પી. ગાંધી-મંત્રી**
**કિશોરભાઈ એન. મિસ્ત્રી-સહમંત્રી**

---

**પગને સતાવે એવી કોઈ પાયલ નથી**
**બે પંકિત લખવાથી કોઈ શાયર નથી**
**આતો દુનિયામાં રહીને હસે છે લોકો**
**બાકી એવું દિલ બતાવો જે ઘાયલ નથી..**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સમાજ સુરક્ષા યોજના
તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.:A/1822/ભરૂચ

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
# સને ૨૦૧૮-૧૯

નામ :

અટક નામ પિતા/પતિનું નામ

જન્મ તારીખ :.........................

પત્ર વહેવારનું સરનામું..........................................................................................

..........................................................................................

..........................................................................................

પીનકોડ.................................ફોન : (ઘર) .............................. (ઓ) ..............................

મો : ............................................................. ઈમેલ : ..............................................

અરજી વખતે કોઇ બીમારીની માહિતી..........................................................................

આ સાથે દાખલ ફી રૂા......................+ વાર્ષિક ફાળાની રકમરૂા. ૨૫૦/-

કુલ રકમ............................................ રોકડા/મ.ઓ./ડ્રાફ્ટ થી મોકલ્યાં છે.

મારા મૃત્યુ પછી સહાય નીચેના વારસદારને મળે તેવી વિનંતી છે.

વારસદારનું નામ :..........................................................................................

૧. આથી હું જાહેર કરું છુ કે સભ્ય થતી વખતે મને હૃદયની બીમારી, કીડનીની બીમારી, કેન્સર,બાયપાસ, એઇડ્સ કે અન્ય ગંભીર બીમારી નથી

૨. સમાજ સુરક્ષાના પાછળ મુજબના નિયમો મેં વાંચ્યા છે. અને તે મને કબૂલ મંજૂર છે.

3. જે વ્યકિત આ યોજનામાં દાખલ થતા એક વર્ષની અંદર મૃત્યુ પામે તો નિયમ મુજબ વિમાની રકમ મળવા પાત્ર નથી.

સભ્યની સહી.........................................

| ઉંમર | દાખલ ફી | | વાર્ષિક ફાળો |
|---|---|---|---|
| ૫ થી ૨૦ વર્ષ સુધી | ૬૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૨૦ વર્ષ કે તેથી વધુ ૩૦ વર્ષ અંદર | ૮૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૩૦ વર્ષ કે તેથી વધુ ૪૦ વર્ષ અંદર | ૧,૨૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૦ વર્ષ કે તેથી વધુ ૪૫ વર્ષ અંદર | ૨,૦૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |
| ૪૫ વર્ષ કે તેથી વધુ ૫૦ વર્ષ સુધી | ૫,૦૦૦ | + | ૨૫૦ (મૃત્યુ દર પ્રમાણે) |

ઉંમરનો પૂરાવો, જન્મ તારીખનો દાખલો, સ્કુલ સર્ટીફીકેટ અથવા આ બન્ને ઉપલબ્ધ ન હોય તો એફીડેવીટ સ્વીકારવામાં આવશે.

નોંધ : ફાળાની રકમ રોકડા,M/O.અથવા ડીમાન્ડ ડ્રાફટથી મોકલવી. ડ્રાફટ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળA/C.શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના ના નામે મોકલવાના રહેશે.

## આ યોજનાની ઓફીસનું સરનામું

**અધ્યક્ષ**
**શ્રી નવિનચંદ્ર ચુનીલાલ પંચોલી**
૪૫, રામકબીર નગર, સ્ટેશનરોડ,
વ્યારા-૩૯૪ ૬૫૦ જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૨૪૭૨
મો. ૦૯૯૯૮૭ ૭૮૦૮૬
૯૦૩૩૨ ૦૫૬૫૯

**મંત્રી**
**રાજેશભાઈ પી. ગાંધી**
મહાદેવનગર, હરીનગર-૨
ની પાછળ, ઉધના, સુરત
મો : ૯૮૨૫૨ ૧૩૦૯૨

**સહમંત્રી**
**કિશોરભાઈ એન. મિસ્ત્રી**
ગોવિંદ વિજય, રાધેશ્યામ મંદિર પાસે
બીલી ચાર રસ્તા, બીલીમોરા
મો : ૯૪૨૭૮ ૬૪૧૫૦

જરૂર પડેથી અરજીપત્રકની ઝેરોક્ષ કઢાવી શકાશે.

**દેના બેંક વ્યારા એકાઉન્ટ નંબર - 120110024122**
**પંજાબ નેશનલ બેંક વ્યારા એકાઉન્ટ નંબર - 6698000100030418**

સમાજ સુરક્ષા યોજના
તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822/ભરૂચ

# પંચોલી સેવા સમાજ મહામંડળ
# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના
# સને ૨૦૧૭-૧૮

| અ.નં. | સભ્ય નં. | સભ્યનું નામ | અત્યાર સુધીમાં ભરેલી રકમ વા. ફાળા સાથે | મૃત્યુબાદ ચુકવેલી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૮૧ | શ્રીમતિ નિર્મળાબેન જગદીશચંદ્ર પંચોલી-સુરત | રૂા. ૩,૦૨૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૨ | ૪૯૯ | શ્રી ઠાકોરભાઇ કંચનલાલ પંચોલી-વડોદરા | રૂા. ૩,૨૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૩ | ૧૨૨ | કાંતાબેન કિરીટભાઇ પંચોલી-વ્યારા | રૂા. ૩,૨૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૪ | ૫૯૩ | દિલીપભાઇ મોહનભાઇ મિસ્ત્રી-સુરત | રૂા. ૩,૦૨૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૫ | ૧૯૧ | લીનાબેન ભરતભાઇ મિસ્ત્રી-ખડસુપા | રૂા. ૩,૨૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૬ | ૪૭૧ | દેવીલાબેન જગદીશચંદ્ર પંચોલી-રાજપીપલા | રૂા. ૩,૨૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૭ | ૭૩ | પરમાનંદ ત્રિભોવનદાસ પંચોલી-સુરત | રૂા. ૩,૨૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૮ | ૩૬૨ | કપીલાબેન ભાઇલાલભાઇ પંચોલી-ઉધના | રૂા. ૩,૨૫૦/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૯ | ૧૫૩૨ | રવિન્દ્રભાઇ પરસોત્તમદાસ પંચોલી-ઘમણાચા | રૂા. ૨,૫૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |
| ૧૦ | ૯૦ | ધનસુખલાલ ગણપતભાઇ પંચોલી-વ્યારા | રૂા. ૩,૨૭૫/- | રૂા. ૨૮,૦૦૦/- |

**સને ૨૦૧૮-૨૦૧૯થી આપવામાં આવતી સહાયમાં રૂા. ૨૦૦૦/-નો વધારો કરી હવેથી રૂા. 30,000/- સહાય આપવામાં આવશે...**

પ્રિય જ્ઞાતિજનો ઉપરોકત માહિતીથી આપ સૌને જાણ થશે કે
ફકત મસાલા ઢોસાની કિંમતનો ફાળો વર્ષ દરમ્યાન ફકત એક વખત આ યોજના
હેઠળ ભરવાથી અવસાન દરમ્યાન આપની ફેમીલીને સહાયરૂપ બનવા માટે
આજે જ સભ્ય બનો અને બનાવો..
દરેક એકમના પ્રમુખશ્રી - મંત્રીશ્રી - મહિલા મંડળ તથા યુવા સંગઠનને વિનંતી કે
આપના એકમના તમામ જ્ઞાતિજનોનો સંપર્ક કરી
સમાજ સુરક્ષા યોજનાના વધુને વધુ સભ્ય બનાવો..
મોટા એકમમાં ૧૦થી વધુ નવા મેમ્બર બનાવરનારને અને નાના એકમમાં ૫ થી વધુ
નવા મેમ્બર બનાવનારને પુરસ્કૃત કરવામાં આવશે..

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સ્થાપના વર્ષ-૧૯૭૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

સંચાલિત

# વિધવા/નિરાધાર/આર્થિક/વિકલાંગ સહાય અરજી પત્ર

❖ અરજદારનું નામ :..........................................................................................

અરજદારની ઉંમર : .................. અરજદાર હાલમાં શું કાર્ય / વ્યવસાય કરે છે :........................................

❖ પત્ર વ્યવહાર માટેનું સરનામું : ..........................................................................

.................................................................... પીનકોડ નં. : ........................................

❖ ફોન નં. ......................................................... મોબાઈલ નં. : ........................................

❖ અરજદારના કુટુંબના સભ્યની વિગતો :

| ક્રમ | નામ | ઉંમર | અરજદાર સાથેનું સગપણ | માસિક આવક |
|---|---|---|---|---|
| ૧ | ........................................ | .......... | ...................... | ...................... |
| ૨ | ........................................ | .......... | ...................... | ...................... |
| ૩ | ........................................ | .......... | ...................... | ...................... |
| ૪ | ........................................ | .......... | ...................... | ...................... |

❖ અરજદારના બેંકના ખાતાની વિગત :...............................................................................

**અરજી સાથે અરજદારના બેંક ખાતાના નામ સાથેના ચેકની ઝેરોક્ષ બીડવી, પાસ બુકના પ્રથમ પાનાની તથા છેલ્લી એન્ટ્રીવાળા ઝેરોક્ષ બીડવી ફરજીયાત છે.**

❖ અરજદાર પોતાની ઘરમાં રહે છે ? હા/ના, ભાડાના ઘરમાં રહેતા હોય તો માસિક ભાડાની વિગત : રૂ.:......................

❖ અરજદાર એકલા રહે છે કે અન્ય કોઇ સાથે, વિગત સહિત જણાવવું : ........................................................

❖ અરજદારને સરકારશ્રી /અન્ય તરફથી મળતી સહાય રૂ. ...................................................................

❖ અરજદારને સ્થાનિક એકમ તરફથી મળતી વાર્ષિક સહાય રૂ. ..........................................................

❖ અરજદારને યુ.કે. તરફથી મળતી વાર્ષિક સહાય : રૂ. ...............................................................

❖ અરજદારતરફથી અન્ય રજુઆત હોય તો : ....................................................................

..............................................................................................................

❖ તમારી પસંદગી પર ટીક કરો.. સાડી/પેન્ટ પીસ ☐ સાડી પેન્ટપીસ માટે રોકડ સહાય ☐

**અરજી મોકલવાનું સરનામું**

મહામંત્રીશ્રી

**શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી**

૩૩, દેવદીપ સોસાયટી, સરગમ શોપીંગ

સેન્ટર સામે, પાર્લે પોઇંટ, સુરત-૩૯૫ ૦૦૭

મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

.......................................

અરજદારની સહી

નોંધ : ❖ સંપૂર્ણ ફોર્મ ભરવું, ફોર્મ અધુરુ હશે તો આપો આપ રદ થવાને પાત્ર રહેશે.

❖ ફોર્મની કોઇપણ વિગત ખોટી માલુમ પડશે તો તેવા અરજદારની અરજી બીજા વર્ષ માટે પણ અસ્વીકાર્ય રહેશે..

(પાછળ જુઓ)

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી રમણલાલ છોટાલાલ પંચોલી છોટાઉદેપુર | શ્રી ઓચ્છવલાલ ચીમનલાલ પંચોલી છોટાઉદેપુર

# ભલામણ પત્ર

અરજદારને હું અંગત રીતે ઓળખું છે તથા તેઓએ અરજીપત્રકમાં ભરેલી તમામ વિગતો તપાસીને ખાત્રી કરી છે. અને તે તમામ વિગતો સાચી છે. આથી અરજદાર શ્રી..............................................................
ને મદદ કરવા મારી ભલામણ છે.

એકમનું નામ : ................................ભલામણ કર્તા પ્રમુખ/મંત્રી/
મહામંડળના નવા હોદ્દેદાર/માજી હોદ્દેદાર ભલામણ કરી શકશે.
ભલામણ કર્તાનું નામ : .............................. સહી : .................
ભલામણ કર્તાનો કૉન્ટેક્ટ નં. : ................................................

એકમ સંસ્થાનો સ્ટેમ્પ

(૧) સહાય માટેની અરજી ૧લી જુનપહેલા મળે તે રીતે મોકલવી, ત્યારબાદ મળેલી અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.
(૨) સહાય માટેની અરજી દર વર્ષે કરવાની રહેશે.
(૩) ભલામણ કર્તાએ તમામ વિગતો, હકીકત ચકાસ્યા બાદ જ ભલામણ કરવા વિનંતી.

## વ્યાજ વપરાશ ફંડ

| ક્રમ | દાતાઓના નામ | મળેલ દાન |
|---|---|---|
| (૧) | સ્વ. ચંચળબેન(ભીખીબેન ખુશાલભાઇ પંચોલી- ચીખલી | ૬,૮૧,૧૬૨.૬૬ |
| (૨) | માતૃ-પિતૃ પૂજન ફંડ | ૫,૩૫,૦૦૦.૦૦ |
| (૩) | અ.સૌ. વીરમતીબેન જમનાદાસ પંચોલી-મુંબઇ | ૨,૦૧,૦૦૦.૦૦ |
| (૪) | શ્રી ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલી-લેસ્ટર | ૧,૨૨,૨૨૨.૦૦ |
| (૫) | માતુશ્રી તાપીબેન ઘેલાભાઇ ટ્રસ્ટ-મુંબઇ | ૧,૧૧,૧૧૧.૦૦ |
| (૬) | સ્વ. છગનલાલ હરગોવનદાસ પંચોલી-લેસ્ટર | ૧,૦૧,૦૦૦.૦૦ |
| (૭) | તબીયત પાર્ટી-લેસ્ટર | ૫૧,૦૦૦.૦૦ |
| (૮) | સ્વ. વિજયાબેન, સ્વ. ઠાકોરભાઇ એન. મિસ્ત્રી અને સ્વ.પુષ્પાબેન પરસોત્તમભાઇ વ્યારા | ૫૧,૦૦૦.૦૦ |
| (૯) | ગં.સ્વ. પુષ્પાબેન ભાષ્કરભાઇ ગાંધી-સેલવાસ | ૫૦,૦૦૦.૦૦ |
| (૧૦) | એક સજ્જન તરફથી | ૧૧,૧૧૧.૦૦ |
| (૧૧) | સ્વ. પાર્વતીબેન ભગવાનજી પંચોલી-મુંબઇ હસ્તે જમનાદાસ ભગવાનજી પંચોલી | ૧૦,૬૧૬.૦૬ |
| (૧૨) | સ્વ. પરમાનંદભાઇ ડી. ગજ્જર-સુરત | ૫,૦૦૦.૦૦ |
| (૧૩) | ગં.સ્વ. લલીતાબેન છગનભાઇ મિસ્ત્રી-સુરત | ૫,૦૦૦.૦૦ |
| (૧૪) | કેશવલાલ એમ. મિસ્ત્રી-ગણદેવી | ૫,૦૦૦.૦૦ |

# ન મુહ છુપાકે જીયો..... (ગતાંક થી ચાલુ)

પલ્લવી જે. મિસ્ત્રી
અમદાવાદ



પોતે તો મમ્મી પપ્પાનું શું થશે એ વિચાર્યા વગર પોતાની મરજી મુજબનું જીવન જીવવા શરદ સાથે ભાગી નીકળી હતી. ૨૪ વર્ષો સુધી જે ઘરમાં રહીને મોટી થઇ એને એક જ દિવસમાં – ગણતરીના કલાકોમાં જ છોડી દીધું હતું. જો કે એમ કરતા એને જે દુખ થયું તે એ પોતે જ જાણતી હતી. કેટલા લાડ કોડમાં મમ્મી પપ્પાએ એને મોટી કરી હતી, એક ની એક દીકરી હોવાને લીધે 'પાણી માંગે તો દૂધ' હાજર થતું. એની લગભગ દરેક માંગણી મમ્મી પપ્પાએ પૂરી કરી હતી. બસ, આ શરદ વાળી વાતથી જ એમની વચ્ચે ક્યારેય ન પુરાય એવું એક અંતર પડી ગયું.

'જીંદગી મારી છે, તો નિર્ણય લેવાનો હક્ક પણ મારો જ હોવો જોઇએ' એવું એ વખતે એને લાગ્યું હતું. એટલે મમ્મી પપ્પાની સામે જોરદાર દલીલો કરી હતી. થોડા દિવસ ભૂખ હડતાળ પણ કરી હતી, થોડા દિવસ અબોલા પણ લીધા, પણ આ વખતે એનું કોઈ શસ્ત્ર કામ નહિ લાગ્યું. કેમ કે મમ્મી પપ્પા માનતા હતા કે 'શરદ ઇશા માટે યોગ્ય પાત્ર નથી. એ ઇશાથી બાર વર્ષ મોટો છે એટલું જ નહિ, એનું સૌથી મોટું ડીસ ક્વોલિફિકેશન એ છે કે એ પરણેલો છે અને એક બાળકીનો બાપ પણ છે. જો અમારી વાત નહિ માને તો દુનિયાદારીથી અજાણ અને બિન અનુભવી ઇશા આ લગ્ન કરીને જિંદગીભર પસ્તાશે, માટે એને એમ કરતા કોઇ પણ હિસાબે રોકવી જ જોઇએ.'

અને મમ્મી પપ્પાએ ઇશા માટે છોકરાઓ જોવાનું શરુ કરી દીધું. અક્ષય સાથે મુલાકાત ગોઠવાઇ અને પોતે શરદ સાથે ભાગી નીકળી. શરદને છૂટાછેડા નહોતા મળ્યા એટલે એની સાથે 'લીવ ઇન રીલેશનશીપ' માં રહેવા લાગી. ઈશાને આ રીલેશનશીપ નો કોઇ ફરક નહોતો પડતો, એ શરદ સાથે ખુશ હતી, પણ હા, ઈશાના મમ્મી પપ્પાએ અને એ તરફના બધા સગા વહાલાઓએ એની સાથેનો સંબંધ તોડી નાખ્યો એ એને ઘણું જ ખટક્યું હતું. 'સંતાનો મા બાપની એસેટ્સ હોય એવું તમે લોકો કેમ માનો છો?' એવી એની દલીલ ના જવાબમાં મમ્મીએ એને કહ્યું હતું, 'એ તો જ્યારે તું મા બનશે એટલે તને બધું જ સમજાઇ જશે.'

ઈશાને અચાનક છાતીમાં ડચુરો બાઝી ગયો હોય એવી મુઝવણ થઇ આવી. પોતે 'મા' બનવાની હતી. એથી એની અને શરદની ખુશીનો કોઇ પાર નહોતો. શરદે છૂટાછેડા લેવા માટેના ચક્રો વધુ ગતિમાન કર્યા હતા, જેથી બાળક આવે તે પહેલા એ ઇશા સાથે લગ્ન કરીને બાળકને પિતાનું કાયદેસરનું નામ આપી શકે.

એના મનમાં એક ચીસ ઊઠી. હવે પોતે કદી પણ મા નહિ બની શકે, હા, શરદે ભલે મને દુઃખ થાય એટલે મારાથી વાત છુપાવી, પણ ડોકટરને પૂછી લઇને એ વાત ઈશાએ જાણી લીધી હતી. 'મમ્મી-પપ્પાના દિલને દુભવ્યાની સજા મને બરાબર મળી ગઇ છે.' ઇશા મનમાં બોલી અને એની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વહી નીકળ્યો.

-અરે, અરે! રડે છે કેમ? બહુ દુખે છે? ડોકટરને બોલાવું? એને રડતી જોઇને શરદ બેબાકળો બની ગયો.

-નહિ, શરદ. આ તનનું દુઃખ નથી, આ મનનું દુઃખ છે. આંસુ દિલમાંથી નીકળ્યા છે.

-ચાલ, બહુ વિચારવાનું બંધ કર, અને જો, આ રાબ બનાવી લાવ્યો છું તારા માટે, એ પીને દવા લઇને સુઇ જા.

રાબ પીને પોતે આંખ મીચીને સુતી અને શરદ લેપટોપ પર એનું અધૂરું કામ લઇને બેઠો. ન ઇચ્છવા છતાં ઇશા ફરી ભૂતકાળના વિચારમાં ખોવાઇ.

એની ફ્રેન્ડ હેમાએ ઈશાને જણાવેલું: 'એક તો પરણેલો, પાછો એક દીકરીનો બાપ, અને ઉપરથી છૂટાછેડા લીધા વગરનો - એવા માણસ સાથે ઇશા લગન કર્યા વગર રહે છે', દુશ્મનની ગરજ સારે એવા ઇશાના જ એક સગા દ્વારા સોસાયટીમાં ફેલાયેલી એ વાતે ઈશાના મમ્મી –પપ્પાનું સોસાયટીમાં રહેવું મુશ્કેલ બનાવ્યું. 'આવી શરમ જનક સ્થિતિમાં રહેવું એના કરતાં ઘર જ બદલી નાખવું સારું' એમ વિચારી એમણે સરસ મજાનો બંગલો જે ભાવ મળે એ ભાવે વેચી નાખ્યો. અરે! ઘર જ નહિ એમણે તો શહેર પણ બદલી નાખ્યું, જેથી કોઇ ઓળખીતું મળે તો એનાથી મોં છુપાવવું ન પડે. કેટલા ઉત્સાહથી બનાવેલું ઘર, વર્ષોથી વસેલા એ શહેર

છોડતાં એમને કેટલું દુ:ખ થયું હશે?
ઇશાએ સાંભળ્યું હતું કે મમ્મી કે પપ્પાએ હવે જ્ઞાતિના પ્રોગ્રામમાં જવાનું બિલકુલ છોડી દીધું છે. પણ ક્યારેક તો એમને કોઇ વર્ષો જુના મિત્રો ઘણા સમય બાદ મળી જતા હશે, એ બધાના છોકરા- છોકરીઓ સારે ઘરે પરણ્યાં હશે, એ વાતને ગર્વ, સંતોષ અને આનંદ પૂર્વક કહીને, 'ઇશા શું કરે છે? મેરેજ કર્યા કે નહિ?' એવું જ્યારે પુછતા હશે ત્યારે મમ્મી પપ્પા એમને શું જવાબ આપતા હશે? કેટલી શરમ ફિલ કરતા હશે? અને ઈશાએ શરમથી પોતાનું મોં હથેળીથી ઢાંકી દીધું.
'ન મુખ છુપાકે જીયો, ઔર ન સર ઝુકાકે જીઓ, ગમો કા દૌર ભી આયે તો મુસ્કુરાકે જીઓ' શરદનો ઘૂંટાયેલો ગંભીર પણ મીઠો સ્વર ગુંજી ઉઠ્યો અને ઇશાએ મોં પરથી હથેળી હઠાવી એની સામે જોયું, દુખમાં પણ એનાથી સ્માઈલ અપાઇ ગયું. 'યે હુઇ ન બાત' કહેતો શરદ લેપટોપ મુકીને એની પાસે આવ્યો અને પ્રેમથી એનો હાથ પસવાર્યો. ઈશાએ પણ પછી તો 'ગીલ્ટ' છોડીને હોંશથી જીવવાનું નક્કી કર્યું. ક્યારેક ક્યારેક હેમા દ્વારા પોતાની મમ્મીના સમાચાર મળતા. ઇશાના ભાગી ગયા પછી અને બીરેનનાં અવસાન પછી, રીમા નીરસ બનીને જીવન વિતાવી રહી હતી. અને એ માટે ઈશાને જ જવાબદાર ગણાતી હતી. એટલે ઇશા કોઈવાર મમ્મીને મળવા તડપી ઉઠતી, પણ રીમા એને મળવા બિલકુલ તૈયાર નહોતી.
એક દિવસ શરદે છૂટાછેડા મળ્યાના ખુશખબર ઈશાને આપ્યા. શરદની પત્ની કેતકીએ બીજા કોઇ શખ્સ સાથે લગ્ન કરવા હતા એટલે એણે શરદને લગ્ન બંધન માંથી મુક્ત કર્યો. શરદ અને ઈશાએ ખુબ જ સાદગીથી કોર્ટ મેરેજ કર્યા. કોર્ટ અને દુનિયાએ ભલે આજે શરદ અને ઈશાના લગ્નને સ્વીકૃતિ આપી, બાકી એ બંને તો તન, મન અને આત્માથી ક્યારના એકબીજા સાથે જોડાઇ ચુક્યા હતા. કેતકીનો પતિ શરદ-કેતકીની પુત્રી પાયલને સ્વીકારવા તૈયાર નહોતો. શરદે પાયલને ઘરે લાવવાની ઈચ્છા વ્યક્ત કરી અને ઇશાની મરજી પૂછી. ઇશા તરત જ રાજી થઇ ગઈ. આ રીતે પોતાને અચાનક માતૃત્વ પ્રાપ્ત થયેલું જાણીને ઇશા અત્યંત ખુશ થઇ, એણે હોંશે હોંશે પાયલને સ્વીકારી.
-ઇશા, રીમાઆન્ટી બાથરૂમમાં પડી ગયા છે, થાપામાં ફ્રેકચર થયું છે, હોસ્પીટલમાં દાખલ કર્યા છે. એક દિવસ હેમાનો ફોન આવ્યો અને ઇશા ચિંતાતુર બની ગઈ. હેમા પાસે હોસ્પીટલનું સરનામું લઇને એણે શરદને જણાવ્યું. શરદ તરત જ ઓફિસેથી ઘરે આવ્યો, પાયલને પાડોશીના ઘરે મુકીને બંને તરત જ હોસ્પીટલ પહોંચ્યા. ઇશા રીમાબેનની સ્થિતિ જોઇ એમને ગળે વળગીને રડી પડી. રીમાબેનની આંખમાં પણ આંસુ આવી ગયા, પણ હજી એમની નારાજી ગઇ નહોતી.
ઓપરેશન માટેની જરૂરી કાર્યવાહી કરીને, શરદે પૈસા ભર્યા અને ફોર્મમાં સહી કરી એટલે રીમાબેનને તરત જ ઓપરેશન માટે લઇ ગયા. પછી તો રાત્રે શરદે અને દિવસે ઇશાએ હોસ્પીટલમાં રોકાઈને રીમાબેનની ખુબ સેવા ચાકરી કરી. હોસ્પીટલ માંથી રજા આપી ત્યારે શરદે અને ઈશાએ એમને પોતાના ઘરે આવવા ભારપૂર્વક આગ્રહ કર્યો. રીમાબેનનું મન માનતું નહોતું, પણ જ્યારે હેમાએ પણ 'આંટી, ગુસ્સો થુંકી નાખો અને ઈશાને માફ કરી દો, એટલીસ્ટ તમે સાજા થઇ જાવ ત્યાં સુધી ઈશાના ઘરે રહી આવો.' કહીને સમજાવ્યા ત્યારે રીમાબેન માની ગયા.
પછી તો શરદનો સરળ સ્વભાવ, ઇશાની આત્મીયતા અને ઢીંગલી જેવી પાયલની કાલી ઘેલી બોલીએ રીમાબેનનું મન મોહી લીધું. થોડાના બદલે ઘણા દિવસ રોકાઇ ગયા. 'દીકરીના ઘરે કેટલા દિવસ રહેવાય' એમ કહીને એક દિવસ એમણે પોતાના ઘરે જવાની ઈચ્છા વ્યક્ત કરી, ત્યારે શરદે કહ્યું, 'મમ્મી, તમે એવું ન વિચારો કે તમે દીકરીના ઘરે છો, હું પણ તો તમારો દીકરો જ છું ને? માટે હવે આ જ તમારું ઘર' પાયલ પણ શરદની કોપી કરતા બોલી, 'દાદી, હું પન તમાલો દીકલો જ છું ને' સાંભળીને સૌ હસી પડ્યા. રીમાબેને પાયલને એ રીતે ગળે લગાવી, જાણે વર્ષોથી ખોવાયેલી એમની દીકરી એમને પાછી મળી, અને પછી ઇશાને કહ્યું, 'બેટા, દીકરીને એસેટ્સ સમજવાની ભૂલ મેં કરી હતી, પણ તું ન કરતી.'

## સુચના

હવેથી નીચે આપેલ ઈમેલ પર મેલ કરવા
: Email :
pancholinavyug@gmail.com

# સુખ-દુઃખનું કારણ....મન

નટુભાઇ પંચોલી
વડોદરા

માનવી અજર અમર નથી, જીવન જીવવા માટે માણસને વધુ શું જોઇએ ? નાનું પેટ ભરવા કેટલો ખોરાક જોઇએ ? સાદો અને આરોગ્ય સાચવતો ઓછો, જરૂરી ખોરાક લઇ તંદુરસ્ત રહી સુખી કેમ ન રહીએ ? જીભને સ્વાદની મોહીની શા માટે બનાવીએ ? તંદુરસ્ત શરીર જ સૌથી મોટુ સુખ છે. નિરોગી શરી જ સુખનું પ્રથમ પગથીયું છે, સાથે હકારાત્મક અભિગમ રાખવાથી સુખ પ્રાપ્ત થાય છે. સુખ તો આપનાર અને પામનાર બંનેને ભાવવિભોર કરે છે. આપણે કઇ રીતે દુનિયાને નિહાળીએ છીએ એના પર સુખનો આધાર છે. મનને કયાં લઇ જવું એ પણ આપણાં હાથની વાત છે..

જે લોકો સતત કર્મમાં એટલે કે પોતાના કામમાં વ્યસ્ત જોવા મળે છે તેઓ અન્યની સરખામણીમાં વધુ સુખી લાગે છે. જો કે સો ટકા તો કોઇ સુખી હોઇ જ ના શકે, કારણ કે તડકા પછી છાંયો અને છાંયા પછી તડકો આવ્યા કરે, એ કુદરતનો ક્રમ છે. જેનું આરોગ્ય સારું તે સૌથી વધારે સંપત્તિવાન અર્થાત સુખી અને સામાન્ય રીતે આરોગ્ય તેનું જ સારુ રહેતુ હોય છે, જેઓનું મન કર્મમાં લાગેલું હોય છે.

આ દુનિયામાં પોતાની જાત સિવાય કોઇ પાસે કોઇપણ પ્રકારની અપેક્ષા ન રાખીએ. સુખ માત્ર અને માત્ર એક લાગણી છે. સુખ એ મનનું કારણ છે. જે કામ પોતાને ગમતું હોય તે કામ કરવાથી મનને આનંદ મળે છે. અને તે જ સુખ છે. મન આનંદિત થાય તો તે સુખ અને મન દુઃખી થાય તો તે દુઃખ. માણસના સુખનો બધો આધાર પોતાના મન પર રહેલો છે.

જીવન મળવું નસીબની વાત છે, પૂર્ણ સુખી જીવન જીવવું એ માણસના પોતાના હાથની વાત છે. સાચુ સુખ બીજાને સુખી કરવામાં છે. પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે સુખી રહીને બીજાને સુખી કરવા તે સાચુ સુખ.

સુખ તો સમજદારીમાં છે. સુખને સમજવું પડે. જીવનમાં સંપત્તિવાન થવા કરતા સંતોષી થવું અગત્યનું છે. 'સંતોષી નર સદા સુખી' એ ન ભુલવું જોઇએ. માનવી સાથેનો આપણો સબંધ કોઇપણ હાલતમાં પ્રેમાળ રાખીએ. આ સુખી જીવનનો રાજમાર્ગ છે.

સુખ એટલે તન, મનને ગમે એવો અનુભવ. ખુશી તો સુખની સહયાત્રી છે. નવરાશની પળ સુખ ચેનમાં ગાળવા માટે પૈસા ખર્ચી શકાય. પોતાની આવકની મર્યાદામાં રૂપિયા વાપરીને ઇચ્છાઓ અને જરૂરિયાતો પૂરી થાય છે. ઇચ્છાઓ સંતોષાય છે. ઇચ્છાઓ સંતોષાય તેનો પણ આનંદ હોય છે. સમય અને નાણાંનો સદઉપયોગ એ જીવનની ખુશી અને સુખ માટે મહત્વનો છે.

જીવનમાં સુખ અને દુઃખ અરસપરસ છે. એમને નોખાં ન પાડી શકાય. આપણે ઇચ્છીએ તો નાની નાની વાતોમાંથી ટપકતા રસ થકી સુખ પ્રાપ્ત કરી શકીએ. સુખની તરસ છીપાવવા સુખના સરોવરમાં સ્નાન કરીએ. સુખનું સરોવર એટલે પુસ્તકો, કાવ્યગ્રંથ અને મનગમતી પ્રવૃત્તિઓ એ સુખની તરસ છિપાવવા માટે જરૂરી સત્વ છે.

પ્રવૃત્તિ દુઃખનું મારણ છે તેનાથી ખોટા વિચારો પણ આવતા નથી. કામ કરવાથી શરીર સારું રહે છે. કોઇની ઇર્ષ્યા, અદેખાઇ તેમજ ફાલતુ વાતો કરવાનો સમય રહેતો નથી. પ્રવૃત્તિથી મનમાં સુખ જ સુખ છવાય જાય છે. સુખી થવાનો એક રાજમાર્ગ એ પણ છે કે બીજા માટે જીવતા શીખીએ. પોતાના માટે તો બધા જીવે પણ થોડોક સમય બીજાનાં સુખ માટે ખરચીએ.

સુખી થવું હોય અને શાંતિથી જીવવું હોય તો વ્યસનો અને મોજશોખના ખોટા ખર્ચા માંથી બચવું જોઇએ. બિનજરૂરી વસ્તુઓના વપરાશથી સદા અળગા રહીએ. સાથે સાથે જરૂરી વસ્તુઓના વપરાશમાં સંયમ જાળવીએ. સંયમ અને જ્ઞાન એ જીવનના તારક તત્વો છે. મનનો મૂળ સ્વભાવ ચંચળ છે. તેને વશ કરવું કઠીન છે. પણ અશકય નથી. શુધ્ધ મન જ જીવનને સુખ અને શાંતિ આપે છે....

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી
## વર્ષ ૨૦૧૬-૧૭

**ઉપરોકત ટ્રસ્ટ માટે મુ. સ્વ. છગનલાલ ઘેલાભાઈ મિસ્ત્રી એ રૂા. ૫,૫૫,૫૫૫નું દાન આપી પ્રસ્થાપિત કરેલ છે.**



'સમાજરત્ન'
સ્વ. છગનભાઈ ઘેલાભાઈ મિસ્ત્રી-મુંબઈ



સ્વ. લીલાવતીબેન છગનભાઈ મિસ્ત્રી-મુંબઈ

## ઉદ્દેશ્ય

(૧) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ મુળ ભંડોળ (કોપર્સ ફંડ) માં રીઝર્વ તરીકે જમા કરાવવી.

(૨) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. બેન ગજરાબેન ઘેલાભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ વિકલાંગોને અથવા જરૂરીઆતમંદ વ્યકિતઓને વૈદકિય સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૩) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના પિતાશ્રી ઘેલાભાઈ જગજીવનદાસ અને માતુશ્રી તાપીબેન ઘેલાભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ (નિરાધાર) વ્યકિતઓને આર્થિક સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૪) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. છગનભાઈ ઘેલાભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૫) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના ધર્મપત્નિ સ્વ. લીલાવતીબેન છગનભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિની ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૬) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ આ ટ્રસ્ટના વહીવટી ખર્ચ અંગે વાપરવી.

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી

## વર્ષ ૨૦૧૬-૧૭

### અરજીપત્ર

અરજદારનું નામ : .....................................................................................

ઉંમર : ..................... વ્યવસાય : ......................................................................

સંપૂર્ણ સરનામું : .....................................................................................

.....................................................................................

........................................................ જીલ્લો : .............. રાજ્ય : ................

પીનકોડ : .......................... ફોન : ..................................................................

બેંકનું નામ : ..............................બ્રાંચ :...................... A/c No. :.............................

સહાયનો પ્રકાર : (અ) વિકલાંગ/વૈદકીય (બ) નિરાધાર વ્યકિત સહાય

(ક) ઉચ્ચ શિક્ષણ સહાય(વિદ્યાર્થી) (ડ) ઉચ્ચ શિક્ષણ સહાય (વિદ્યાર્થીની)

ઉપરોકત સહાય માટેની સંપૂર્ણ વિગતો : ........................................................

.....................................................................................

કુટુંબમાં કમારનાર વ્યકિત : (૧) ................................ માસિક આવક ..........................

(૨) ............................... માસિક આવક ..........................

કુટુંબના કુલ સભ્યો : (૧) વડિલ / યુવાન .................... (૨) ૧૯ વર્ષની નીચેના ...............

સવિનય સહ જણાવવાનું કે જે ઉપરોકત જણાવેલ દરેક વિગતો સાચી છે મને થતી સહાય કરવા વિનંતી.

અરજદારની સહી .......................

સાક્ષીનું નામ : .....................................................................................

સ્થળ : ...................................... સાક્ષીની સહી : .........................................

### ભલામણપત્ર

શ્રી/શ્રીમતી...............................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાત્રી કરી છે અને એની વિગતો સાચી છે. એમને મદદ કરવા ભલામણ કરું છું.

સહી : ............................

હોદ્દો : પ્રમુખ/મંત્રી/ખજાનચી

એકમ : ............................

(એકમનો રબર સ્ટેમ્પ)

**અરજી મોકલવાનું સરનામું :- શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ**
C/O પ્રેમી મોહન એજન્સી, ગાલા નં. ૧૨૪, સાગર ઈન્ડ. એસ્ટેટ, ટોલ નાકા પાસે, વેસ્ટર્ન એક્ષપ્રેસ હાઈવે, દહીસર (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૮

**નોંધ :** ❖ આ અરજીની વધારે કોપી ન હોય તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. ઉપરોકત માહિતીમાં વિધવા બહેનો હોય તેમણે આગળ ગં.સ્વ. લખવું. ❖ **સરનામું વ્યવસ્થિત** અને **પીનકોડ નંબર** સાથે લખવું જરૂરી છે. અધુરું સરનામુ અને પીનકોડ નંબર લખ્યો ન હશે તો એવી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં. ❖ અરજદાર જે એકમના હશે તેમણે તે એકમના પ્રમુખ/મંત્રી/ખજાનચીની સહી અને એકમનો રબર સ્ટેમ્પ મરાવવો ફરજીયાત રહેશે. ❖ એકમના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેમણે તેમના અરજદારોની અરજીની ઝેરોક્ષ કોપી કાઢીને પોતાની પાસે રાખવી. કારણ કે કદાચ ટ્રસ્ટીઓને અરજી માટે શંકા જાગે તો તેઓ આપશ્રીને અરજદાર માટે પૂછી શકે છે. ❖ **ઉપરોકત અરજી 30 જુન પહેલા મળી જાય એ રીતે મોકલવી** ❖ આ ટ્રસ્ટની મદદ ફકત શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેમના એકમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે.

# પૃથ્વી બચાવીએ....???

- તમામ કુદરતી સ્રોતોનો આપણી પોતાની કીંમતી સંપત્તિની જેમ વપરાશ કરીએ.
- પર્યાવરણની સાચવણી, રક્ષણ અને પોષણના નિયમોનું પાલન કરીએ.
- ઓછામાં ઓછું એક ઝાડ ઘર આંગણે વાવીએ.
- ઍપાર્ટમેન્ટ કે ફ્લેટમાં રહેતા હોઈએ તો પણ બાલ્કનીમાં થોડા છોડ વાવીએ.
- કાગળ કે પ્લાસ્ટિકની બેગને બદલે કાપડની બેગ વાપરવા આગ્રહ રાખીએ.
- ઘરમાં બિનજરૂરી વીજળીનાં ઉપકરણોને ચાલુ ન રહેવા દઈએ.
- ટપકતા નળને રિપેર કરાવીએ. કપડાં, વાસણ સ્નાન વગેરેમાં પાણીનો થતો બગાડ અટકાવીએ.
- જ્યાં-ત્યાં કચરો નાખીને પર્યાવરણને બગાડીએ નહીં.
- કચરો હંમેશાં કચરાપેટીમાં જ નાખીએ.
- જો આપણે આટલું કરી શકીએ તોય ઘણું કહેવાશે. બીજાને દોષ દેવાને બદલે જાતે જ નાનાં-નાનાં હકારાત્મક પગલાં લઈશું અને પર્યાવરણનું જતન, પોષણ અને રક્ષણ કરીશું તો સાચા અર્થમાં "અર્થ ડ"ની ઉજવણી થઈ ગણાશે.



નામ : જવલ પંચોલી
પિતા : પંચોલી ઈન્દ્રવદન ધુળાભાઈ
માતા : પંચોલી રીટાબેન ઈન્દ્રવદન
અભ્યાસ : 12th sci.& PTC,DME
સર્વિસ : Govt.Pri.Teacher
જ.તા. : ૨૮/૧૦/૧૯૯૦ સાંજે ૫.૫૫ કલાકે
ભાઈ : પાર્થ (Assit.Engineer)
સરનામુ : નીચલી બજાર, તેજગઢ, તા.જિ.છોટાઉદેપુર
મો.નં. : ૭૦૧૬૬૧૫૧૬૮



સ્વ. અમિતાબેન અશોકભાઈ પંચોલી
જન્મ તા. : ૨૫-૦૭-૧૯૭૦
સ્વ.તા. ૧૧-૦૨-૨૦૧૮

# શ્રદ્ધાંજલી

હસીને હસાવનાર સૌને રડાવી ગઈ
હમણાં આવું છું કહી પલક ઢાળી ગઈ
કદી વિચારીના શકાય એવી અણધારી વિદાય
સૌના કાળજા કંપાવી ગઈ, તારો મિલનસાર સ્વભાવ
તથા હસતો ચહેરો સદા અમારી નજર સમક્ષ યાદ
બની રહેશ. મિતભાષી, નિરપુક્ષભાવી, શ્રદ્ધાવાનં
સમાજ અને કુટુંબ હિતેચ્છુ તેમજ કુટુંબ વત્સલ
એવા અમારા આત્મછય સ્વજનના સ્વર્ગસ્થ
આત્માને પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતની આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના

## અર્પણકર્તા

ગં.સ્વ. હસુમતીબેન રતિલાલ પંચોલી
અશોકભાઈ રતિલાલ પંચોલી
અતુલભાઈ રતિલાલ પંચોલી
નિકિતા અશોકકુમાર પંચોલી-પુત્રી
જય અશોકકુમાર પંચોલી-પુત્ર
વાઘોડિયારોડ-વડોદરા

# જીવનસાથી પસંદગી વિશેષાંક

## ફોર્મ

પાસપોર્ટ
સાઇઝનો
ફોટો

પંચોલી નવયુગ જુન-૨૦૧૮માં જીવનસાથી પસંદગી વિશેષાંક પ્રકાશિત કરનાર હોય નીચે આપેલ સંપૂર્ણ વિગત ભરી ફોર્મ મોકલવા વિનંતી. આપની વિગતો વેબ સાઇટ પર મેટ્રોમોની વિભાગમાં પણ પ્રકાશિત કરવામાં આવશે...

નામ :............................................................................................................

પિતાનું નામ : ..............................................................................................

માતાનું નામ : ..............................................................................................

સરનામુ : ......................................................................................................

.......................................................................................................................

..............................................................................................પીનકોડ : ..........................

ફોન : (ઘર)......................... (ઓ)............................. મો. ...............................................

જન્મ તા. .......................... જન્મ સમય : ..................... જન્મ સ્થળ : ...................

ઉંચાઇ............. વજન : .................

અભ્યાસ :.......................................................................................................

નોકરી/ધંધો : ..........................................................ભાઇ/બહેન :........................................

મંગળ/શની છે ? ..............................................................................................

**આપના ફોર્મ તા. ૧૦ જુન પહેલા સવેળા મળી જાય એ રીતે મોકલવા વિનંતી.**

દરેક એકમના પ્રમુખ/મંત્રીને વિનંતી કે આપના એકમમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓના ફોર્મ ભરાવી પ્રોત્સાહિત કરી ફોર્મ ભરીને મોકલવા વિનંતી. ઉપરોક્ત માહિતી ફોટા સાથે વિના મૂલ્યે છાપવામાં આવશે.. છતાં પણ આપની ઇચ્છા હોય તો રૂા. ૧૦૦/૧૫૧/૨૦૦/૨૫૧ ભેટ આપી શકો છો....

**ફોર્મ મોકલવાનું સ્થળ**

**તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સમાજ-સંખેડા

શ્રી પંચોલી સમાજ સંખેડાની ચૈત્ર નવરાત્રીની ઉજવણી માટેના આયોજન અંગેની એક મિટિંગ તા. ૨૧.૦૩૦૨૦૧૮ના રોજ ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઇના પ્રમુખ સ્થાને મળી. સમાજના સૌ ભાઇ-બહેનો હાજર રહ્યા હતાં. આઇસક્રીમથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું.

આજની મિટિંગમાં નીચે મુજબના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.

ઉજાણી તા. ૨૯-૦૭-૨૦૧૭ના રોજ રાખવી. સાંજે સમાજની વાડીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવું.

સમાજનો હવન મહાલક્ષ્મીમાના મંદિરે તા. ૨૫.૦૩.૨૦૧૮ને રવિવારે સવારે ૯ કલાકે રાખવો તથા યજમાન તરીકે પ્રમુખ શ્રી કિશનભાઇ તથા શ્રીમતિ વિણાબેન કિસનભાઇ પંચોલી બિરાજશે. અને રામજી મંદિરમાં રામ જન્મોત્સવ ભજન કિર્તન કરી ઉજવવામાં આવશે.

વર્ષ ૨૦૧૬-૧૭ના હિસાબો રજુ કર્યા તથા વાડીનું બાકીનું કામ નાણાંની સગવડ પ્રમાણે પૂર્ણ કરવાનું નક્કી થયું. ઉજાણી અને ઇનામ વિરણની કામગીરી યુવાન ટીમ સંભાળશે... અંતમાં સર્વે ઉજાણીમાં મળવાના આનંદ સાથે છુટા પડયા.

## શ્રી પંચોલી સમાજ-વડોદરા

શ્રી પંચોલી સમાજ વડોદરાને નીચે મુજબની ભેટ મળી.

રૂા. ૧૦૧/- શ્રી રવિન્દ્રભાઇ પરસોત્તમભાઇ પંચોલી તરફથી પુત્ર કૃણાલના સ્મરણાર્થે

રૂા. ૨,૫૦૧/- સ્વ. જઠાવબેન રમણલાલ પીતાંબરદાસ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.

રૂા. ૫૦૦/- વડોદરા નિવાસી શ્રી ભરતભાઇ નટવરલાલ પંચોલી તરફથી શૈક્ષણિક સહાયમાં ભેટ મળ્યા.

## શ્રી પંચોલી સમાજ-રાજપીપલા

શ્રી પંચોલી સમાજ રાજપીપલાને નીચે મુજબની ભેટ મળી.

રૂા. ૩૫૦/- શ્રી હિતેશચંદ્ર જગદીશચંદ્ર પંચોલી તરફથી અ.સૌ. નિમિષાબેન તથા ચિ. હેતની વર્ષગાંઠ નિમિત્તે.

૧૦૧/- ધવલકુમાર ઠાકોરભાઇ પંચોલી-ભરૂચ તરફથી જન્મદિન નિમિત્તે.

૧૦૧/- ઠાકોરભાઇ વિઠ્ઠલભાઇ પંચોલી-ભરૂચ તરફથી વર્ષગાંઠ નિમિત્તે.

૨૫૧/- શ્રી શાંતિલાલ વલ્લભભાઇ મપારા તરફથી સપ્રેમ હસ્તે નરેન્દ્રભાઇ

# સંસ્થા સમાચાર

## શ્રી તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તા. ૯.૦૩.૨૦૧૮ને શુક્રવારના રોજ તેજસ્વીની મહિલા મંડળની મિટિંગ પ્રીતિ મપારાના નિવાસ સ્થાને રાખવામાં આવી. પ્રીતિબેને સર્વેનું સ્વાગત કોલ્ડ ડ્રિંકસથી કર્યુ. મિટિંગની શરૂઆત ગુરૂવંદના, ગણપતિ વંદનાથી કરવામાં આવ્યું. નામી-અનામી સદ્દગતના આત્માને શાંતિ અર્થે મૌન પાડવામાં આવ્યું.

મંત્રીશ્રી સપનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. માલુ માસમાં આવતી બર્થડે-એનિવર્સરી વિશ કરવામાં આવી. હેલ્થ અવેરનેશ અંગે બધી બહેનોએ પોતાના મંતવ્યો રજુ કર્યા. આજની ભાગદોડ જીંદગીમાં હેલ્થની કાળજી, ડાયેટ, યોગા વિશે જાણકારી આપી.

વન મિનિટ ગેમ રમ્યા. જેમાં પ્રથમ લીના અને દ્વિતીય

નીમા વિજેતા થયા. હેલ્થ અવરનેશમાં પ્રથમ જયોત્સનાબેન તથા દ્વિતીય નીતાબેન એસ. પ્લાન્ટેશનમાં પ્રથમ લીના અને દ્વિતીય પ્રીતિ મપારા વિજેતા થયા. બધા વિનરને નીતાબેને ગીફ્ટ આપી.

હાઉસી રમ્યા બાદ રસ-પૂરી, ઈંદડા, રાઈસ સલાડ દહીંને ન્યાય આપી આવતા માસની મિટિંગ નીતાબેનને તયાં રાખવાનું નકકી કરવામાં આવ્યું. પ્રીતિબેન અને એમના પરિવારજનોનો આભાર વ્યકત કરી છુટા પડયા.

તેજસ્વીની મહિલા મંડળ તરફથી સૌ બહેનોને કોફી મગની લ્હાણી આપવામાં આવી..

## શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૫ માર્ચ ૨૦૧૮ની મિટિંગ જલવાટીકા ગાર્ડન મિટિંગ રાખવામાં આવી હતી. જેમાં મહિલા દિન નિમિત્તે કવિયત્રી ઉર્મિલાબેનને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

તેઓએ 'નારી તુ નારાયણી' કાવ્ય રજુ કરી તેને વિશેષ ભાવાર્થ સાથે સમજાવ્યું હતું. અને હોળી ગીત રજુ કર્યુ હતું.

સરસ્વતીબેન તથા દક્ષાબેને મહિલા દિન નિમિત્તે સમાજમાં સ્ત્રીઓનું સ્થાન તથા મહત્વ સમજાવ્યું હતું.

ભાવનાબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા હેતલબેન બન્યા હતાં. આ માસમાં આવતી બર્થડે એનીવર્સરી વિશ કરવામાં આવ્યા. આજના અતિથિ ઉર્મિલાબેનનું પુષ્પથી સ્વાગત કરી સ્મૃતિભેટ આપી સન્માન્યા હતાં.

અંતમાં હોળી ધૂળેટીની ઉજવણી કરવામાં આવી સૌ બહેનો ગુલાલથી ધૂળેટી રમી આનંદ અનુભવ્યો હતો. અગામી મિટિંગ તા. ૧૫.૪.૨૦૧૮ના રોજ નકકી કરવામાં આવ્યું. અંતમાં ડબ્બા પાર્ટી અને કુલ્ફીને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૮-૦૨-૧૮ના રોજ વ્યારા ખાતે રાખવામાં આવેલ પંચોલી પ્રિમીયર લીગ(ક્રિકેટ)માં સૌ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો તો..

## શ્રી પંચોલી મહિલા મંડળ-બીલીમોરા

બીલીમોરા મહિલા મંડળની સામાન્ય સભા માનનીય કાશ્મીરાબેન અરવિંદભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને તા. ૧૦ માર્ચ-૨૦૧૮ના રોજ રાખવામાં આવી હતી. જેમાં ૮ માર્ચ મહિલા દિન નિમિત્તેની વિશેષ મિટિંગ રાખવામાં આવી હતી.

પ્રથમ શ્રીમતિ બીનાબેન ભરતભાઇ પંચોલીએ આંતર રાષ્ટ્રીય મહિલાદિન નું મહત્વ સમજાવ્યું. શ્રીમતિ સોનલબેન જતીનભાઇ પંચોલીએ દુનિયાની ખ્યાતનામ મહિલાઓ વિષે વાત કરી હતી. માનનીય કાશ્મીરાબેને મહિલા દિન નિમિત્તે કવિતા રજુ કરી. બધી મહિલાઓએ મળીને મહિલાઓને લગતા ગીતો ગાયા. અંતમાં સ્વાદિષ્ટ નાસ્તો અને કોલ્ડ ડ્રિંકસને ન્યાય આપી છુટા થયા.

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૬ એપ્રિલ-૨૦૧૮ વુમન્સ ડે નિમિત્તે નારી સશકિતકરણ નિમિતે અંકલેશ્વર ખાતે યોજાયેલ વિવિધ મંડળોની રેલીમાં અંકલેશ્વર મહિલા મંડળે પણ ભાગ લીધો હતો..

શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરના પ્રમુખ શ્રીમતિ મીનાબેન છગનલાલ મિસ્ત્રી ના પતિ શ્રી છગનલાલ આત્મારામ મિસ્ત્રીનું અવસાન થતા માર્ચ મહિનાની મિટિંગ મુલતવી રાખી હતી.....

મહિલા મંડળની સર્વે બહેનો મીનાબેનના નિવાસસ્થાને જઇ આશ્વાસન આપી ભજનો ગાઇ શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

# આપણું ગૌરવ



મુંબઇ(પાર્લા વેસ્ટ) નિવાસી શ્રીમતિ પલ્લવીબેન અને શ્રી જીતેન્દ્રભાઇ સી. મિસ્ત્રીના પૌત્ર અને શ્રીમતિ ભાર્ગવી અને જીગર જીતેન્દ્રભાઇ મિસ્ત્રીના સુપુત્ર ચિ. કવિશ 'વર્લ્ડ મેક કેમ્પો ગેમ્સ' દ્વારા 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ-૨૦૧૮માં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ભારતે ૨૨ ગોલ્ડ, ૨૨ સિલ્વર અને ૪૭ બોન્ઝ મેડલો જીતીને આ રમત સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તા. ૧૧ થી ૧૪ ડિસેમ્બર-૨૦૧૭ દરમ્યાન જામીયા મીલીયા ઈસ્લામીયા સ્પોર્ટસ કોમ્પલેક્ષ, નવી દિલ્હી ખાતે આ રમતોત્સવ યોજાયો હતો. જેમાં અન્ય ખેલાડીઓ સાથે કવિશનું પણ મહત્વનું યોગદાન રહ્યું.

આ સિદ્ધિ મેળવી માતા-પિતા, કુટુંબ અને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે. આ અજોડ સિદ્ધિ બદલ કવિશને સમગ્ર પંચોલી સમાજ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ..



વ્યારાના શ્રીમતિ રાજેશ્રીબેન અને શ્રી તુષારભાઇ જમનાદાસ પંચોલીના સુપુત્ર ચિ. હેમીશ પંચોલી. જે અગ્રેજી માધ્યમ ધો. ૮માં અભ્યાસ કરે છે. એને એક વિચાર આવ્યો કે પથારીવશ અને વયોવૃદ્ધ માણસો એક સ્થળ પર રહી ઈલેકટ્રીક ઉપકરણો કેવી રીતે ચાલુ કરતા હશે ? કોઈપણ માર્ગદર્શન વિના ઇન્ટનેટની મદદથી જાતે જ આશરે દોઢ વર્ષમાં એન્ડ્રોઇડ વેબ ડેવલપમેન્ટ કર્યુ. એન્ડ્રોઇડ મોબાઇલ બ્લુટુથથી કનેકટ કરી ઘરમાં ચાલતા લાઇટ પંખા, મોટર, ટીવી. વગેરે ઈલેકટ્રીક ઉપકરણો ચાલુ બંધ કરી શકાય છે. તથા મેન્યુઅલ સ્વીચથી પણ ચાલુ બંધ કરતા તેની જાણ મોબાઈલમાં કલર બદલાતા થઇ જાય છે. આ પ્રોજેકટને એસ એન. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર ઉમરાખ ખાતે સ્ટેટ લેવલ ફેસ્ટીવલમાં આ કૃતિને તૃતિય ઇનામ મળ્યુ છે. નાની ઉંમરે આવી વિશિષ્ટ શોધ કરી, વ્યારા ગામનું માતા-પિતાનું તથા સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે.... ચિ. હેમીશને સુંદર શોધ કરવા બદલ અભિનંદન... સહ ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ..

ચિ. હેમીશની આ વિશેષ સિદ્ધિ બદલ પિતાશ્રી તુષારભાઇ જમનાદાસભાઇ પંચોલી તરફથી રૂા. ૫૫૧ પંચોલી નવયુગને ભેટ મળી છે.

## હેપી બર્થડે....



ચિ. નિષ્કા કૃણાલકુમાર
મિસ્ત્રી-બીલીમોરા
તા. ૯.૦૪.૨૦૧૫



ચિ. આધ્યા જતીનભાઇ
પંચોલી-વ્યારા
તા. ૧૧.૦૪.૨૦૧૩



ચિ. રિષભ નિરવકુમાર
પંચોલી-છોટાઉદેપુર
તા. ૧૩.૦૪.૨૦૧૭



ચિ. પર્વ નિરવકુમાર
પંચોલી-ડેડીયાપાડા
તા. ૧૭.૦૩.૨૦૧૪

## પરિણયની પગદંડી પર



કવાંટ નિવાસી ગં.સ્વ. રંજનબેન અને સ્વ. ગોપાલભાઇ રમણલાલ પંચોલીના સુપુત્ર ચિ. ગૌરવના શુભ લગ્ન સુરત નિવાસી શ્રીમતિ તનુજાબેન તથા શ્રી હેમંતભાઇ દિલીપભાઇ પંચોલીની સુપુત્રી ચિ. ફોરમ સાથે તા. ૧૧-૦૨-.૨૦૧૮ના રોજ થયા.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં
સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/c **પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક
અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## એકવાર જાવુ હરિના ધામમાં



સુરત નિવાસી તારાબેન જમનાદાસ પંચોલી તા. ૨૯.૨.૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ. ૯૧



વડોદરા નિવાસી દેવેન્દ્ર(લાલો) પ્રવિણચંદ્ર પંચોલી તા. ૨૭.૧૧.૨૦૧૭ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ.૪૯



વડોદરા નિવાસી કૃણાલ રવિન્દ્રભાઇ પંચોલી તા. ૨૨.૦૩.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા..



વડોદરા નિવાસી અમિતાબેન અશોકકુમાર પંચોલી તા. ૧૧.૦૨.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ.૪૮

મુંબઇ(ગોલદેવળ) નિવાસી શાંતિભાઇ છગનલાલ પંચોલી તા. ૧૩.૦૧.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ.૮૪

કોઇ એ કરેલો ઉપકાર
ભૂલવો નહિ,
આપણે કરેલો ઉપકાર
યાદ રાખવો નહિ.

# ટીપે ટીપે સરોવર ભરાય

૨૦૦/- સુરત નિવાસી બીપીનભાઇ જે. પંચોલી દાદાશ્રી તરફથી પૌત્ર નીલની વર્ષગાંઠ નિમિત્તે

૧૦૧/- ગણદેવી નિવાસી ચિન્તુકુમાર બી મિસ્ત્રી તરફથી પુત્ર-પુત્રીની પ્રગતિ નિમિત્તે.

૧૦૧/- વડોદરા નિવાસી શ્રી રવિન્દ્રભાઇ પરસોત્તમભાઇ પંચોલી તરફથી પુત્ર કુણાલના સ્મરણાર્થે

૨૫૧/- બીલીમોરા નિવાસી શ્રીમતિ શોભાબેન(દાદી તથા શ્રી કિશોરભાઇ એન. મિસ્ત્રી(દાદા) તરફથી પૌત્રી નિષ્કાની વર્ષગાંઠ નિમિત્તે..

૨૦૦/- સુરત નિવાસી શ્રી જશવંતભાઇ ગુલાબદાસ પંચોલી તરફથી ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે..

૨૫૧/- છોટાઉદેપુર નિવાસી શ્રીમતિ સંગીતાબેન(દાદી) તથા જયેશભાઇ ઓ. પંચોલી(દાદા) તરફથી પૌત્ર રિષભની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

૧૫૧/- રાજપીપલા નિવાસી શ્રી શાંતિલાલ વલ્લભભાઇ મપારા તરફથી જન્મ દિન નિમિત્તે.

૫૦૧/- મુંબઇ(વિલેપાર્લા) નિવાસી જીગરકુમાર જીતેન્દ્રભાઇ મિસ્ત્રી તરફથી સુપુત્ર ચિ. કવિશ 'વર્લ્ડ મેક કેમ્પો ગેમ્સ' દ્વારા 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ-૨૦૧૮માં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યુ તે નિમિત્તે.

૨૫૦/- સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઇ પંચોલી-રાજપીપલાની તા. ૧૭.૦૪.૨૦૧૮ના રોજ જન્મ શતાબ્દિ નિમિત્તે સ્વ. જેકોરબેજ વિઠ્ઠલદાસ પંચોલી પરિવાર તરફથી સપ્રેમ.

૨૫૦/- વડોદરા નિવાસી અ.સૌ. જીગીશાબેન તથા કંદર્પ ચેતનકુમાર પંચોલી તરફથી ખૂતન ગૃહપ્રવેશ નિમિત્તે.

૧૫૦/- નવસારી નિવાસી વિક્રમભાઇ આર મહેતા તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે.

૫૫૧/- વ્યારા નિવાસી તુષારભાઇ જમનાદાસભાઇ પંચોલી તરફથી પુત્ર ચિ. હેમીશની આ વિશેષ સિદ્ધિ બદલ નવયુગને ભેટે મળી છે.

નવયુગ શુભેચ્છક સ્વ. દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી નવસારી શ્રી દિપકભાઇ મગનલાલ પંચોલી બિલીમોરા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**